**લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો, ગુજરાત રાજય, અમદાવાદ ખાતે કરારના ધોરણે 'ફૉરેન્સિક સલાહકાર' ની જગ્યા ઉપર નિમણૂંક**

ભ્રષ્ટાચાર અને લાંચની બદી ડામવા સરકાર કૃતનિશ્ચયી અને અગ્રેસર છે. વધતી જતી આ બદીને અટકાવવા અત્યારના સમયમાં જે ગુનાઓ બનતા હોય છે તેમાં મોટા ભાગે આરોપીઓ દ્વારા આધુનિક ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી લાંચ રૂશ્વત વિરૂઘ્ઘના આવા ગુનાઓ માટે બ્યુરો ખાતે **'ફૉરેન્સિક સલાહકાર'** ની ૧ જગ્યા ઉપર માસિક **રૂ. ૪૦,૦૦૦/-** (રૂપિયા ચાલીસ હજાર ) ના ફીકસ પગારથી કરારના ધોરણે નિમણૂંક આપવાની છે.

**જગ્યાનું નામ સંખ્યા :**

ફૉરેન્સિક સલાહકાર – ૦૧–જગ્યા

**લઘુત્તમ શૈક્ષણિક લાયકાત:**

1. યુ.જી.સી. માન્ય યુનિવર્સિટી/ફૉરેન્સીક યુનિવર્સિટીમાંથી માસ્ટર ડીગ્રી ઇન ફૉરેન્સિક સાયન્સ / ફૉરેન્સિક એકાઉન્ટીંગ / સાઇબર અને ડિઝીટલ ફૉરેન્સિક / ફૉરેન્સિક સાયકોલોજીની પદવી ઘરાવતા ઉમેદવારો આ જગ્યાની અરજી માટે પાત્ર ગણાશે.
2. ઉપરોકત જગ્યા માટે નિવૃત્ત સરકારી અધિકારી પણ અરજી કરી શકે છે. **૬૨ વર્ષ ની ઉમરબાદ નિમણૂંક મળી શકશે નહી.** જે માટે પે બેન્ડ + ગ્રેડ પેના ૬૦% રકમ માસિક એકત્રિત વેતન તરીકે નિવૃત્તિ બાદ કરારના ધોરણેની નિમણૂક દરમિયાન મળવાપાત્ર થશે, તેઓની નિમણૂક સરકારશ્રીની મંજૂરીને આધિન રહેશે.

**વય મર્યાદા :**

૨૧ થી ૬૨ વર્ષ

**જોબ ચાર્ટ :**

તપાસ કરનાર અધિકારીને ફૉરેન્સિક બાબતોમાં મદદ અને સલાહ.

**હેડકવાર્ટર :**

આ જગ્યા માટે નિમણૂક સ્થળ અમદાવાદ રહેશે, નિમણૂક આપનાર સત્તાધિકારી બ્યૂરોના તાબા હેઠળના કોઈ પણ સ્થળે કામ લેવા સક્ષમ રહે છે.

**ઈન્ટરવ્યુ :**

ઉમેદવારે ઈન્ટરવ્યુ માટે આ હેતુ માટે બનાવવામાં આવેલ કમિટી સમક્ષ આપવામાં આવે તે તારીખ સમયે અમદાવાદ ખાતે હાજર રહેવાનું રહેશે.

ઈન્ટરવ્યુની હાજરી માટે ઉમેદવારને કોઈ ભાડા ભથ્થું ચૂકવવામાં આવશે નહી.

**કરાર આધારિત નિમણૂક :**

કરાર આધારિત નિમણૂક પામતા ઉમેદવારે કરાર આધારિત નિમણૂંક હોઈ, નકકી કરાયેલ ધોરણનુસારનું કરાર કરવાનો રહેશે કરારની શરતો સરકારશ્રી તથા બ્યૂરો દ્વારા થતા નિયમો અને તેમાં થતાં વખતો-વખતના સુધારા નિમણૂક પામતા ઉમેદવારને બંધનકર્તા રહેશે.

સંપર્ક: ટે.ફોન નંબર ૦૭૯– ૨૨૮૬૯૨૨૮, ૨૮૮૬૦૩૪૩, ૨૨૮૬૦૩૪૧

**નિયામક**
**લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો,**
**ગુજરાત રાજય, અમદાવાદ.**

**ફોરેન્સિક સલાહકાર તરીકે લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો ખાતે કરારના ધોરણે નિમણૂક માટેનું અરજી ફોર્મ**

**જે જગ્યા માટે ઉમેદવારી નોંધાવે છે તે જગ્યાનું નામ:**

પાસપોર્ટ ફોટો

| | | |
|---|---|---|
| ૧ | નામ | |
| ૨ | જન્મ તારીખ | |
| ૩ | સરનામું | રહે.................................... ............................................ ટેલી./મો/ઈ–મેલ.................. કચેરી.................................... ............................................ ટેલી/મો/ઈ–મેલ.................. |
| (એ) | હાલની પ્રેકટીસનું સ્થળ/હાલમાં ચાલુ કામની વિગત | |
| ૪ | શૈક્ષિણક લાયકાતની વિગત | |

| પાસ કરેલ પરીક્ષા | પાસ કર્યાનું વર્ષ | કોલેજ | યુનિવર્સિટી | મેળવેલ વર્ગ/ગ્રેડ | ટકા અને માર્કસ | ખાસ વિષય |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

| | | |
|---|---|---|
| ૫ | અનુભવની વિગત | |
| ૬ | કોઈ સંસ્થા/સરકાર(રાજય/કેન્દ્ર) સરકારી વિભાગ/ખાનગી સંસ્થાના માટે કરેલ કામગીરીની વિગત તથા હાલમાં કામ સંભાળતા હોય/સંભાળેલ હોય તો તેની વિગત | |
| ૭ | અગાઉ ગુન્હો દાખલ થયેલ હોય તો તેની વિગત/ ગુનામાં સંડોવણીની વિગત | |
| ૮ | થનાર નિમણૂક માટે કોઈ ખાસ નોંધપાત્ર બાબત જે નિમણૂક માટે મહત્વની હોય | |

અરજીમાં દર્શાવેલ તમામ વિગત અમારી માન્યતા મુજબ સાચી છે

ઉમેદવારની સહી

સ્થળ:
તારીખ:

નોંધ: અરજી સાથે ઉપર જણાવેલ વિગતોનો જરૂરી આધાર અચૂક મોકલવાના રહેશે,

નોંધ: અરજી સાથે ઉપર જણાવેલ વિગતોનો જરૂરી આધાર અચૂક મોકલવાના રહેશે, સ્કૂલ લીવીંગ સર્ટી, રહેણાંક મકાન લાઈટ બિલ/ટેક્ષ બિલ પૈકી એક તેમજ શૈક્ષિણક લાયકત તેમજ અનુભવના પ્રમાણપત્રો

**બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ નાં નામ, સરનામા, (૧)**

**ફોન નંબર. (૨)**

**૧૧ માસના સમય માટે કરારના ધોરણે અપાતી/માનદ્ વેતનથી નિમણૂંકો અંગેની બોલી અને શરતો**

૧. શ્રી (નિમણૂંક અપાતા ઉમેદવારનું નામ) ને કરારના સમયગાળા દરમિયાન રૂ. ૪૦,૦૦૦/–ના માસિક ફીકસ માનદ વેતન મળશે. તેઓની નિમણૂક કરારના ધોરણે ગણવામાં આવશે તથા કરારની મુદત ૧૧ માસની રહેશે.

૨. ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફીકસ માનદ વેતન સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

૩. નિયત ફીકસ માનદ વેતન પર કોઈપણ જાતના ભથ્થાં મળવાપાત્ર થશે નહી.

૪. કરારના સમયગાળા દરમિયાન શ્રી (નિમણૂંક અપાતા ઉમેદવારનું નામ) ને ફીકસ માનદ વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહી. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહી.

૫. કરારના સમયગાળા દરમિયાન મેડિકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહી.

૬. કરારના સમયગાળા દરમિયાન બજાવેલ સેવા/નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઈ નાણાકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહી.

૭. કરારના સમયગાળા દરમિયાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફીકસ માનદ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા લાભ એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

૮. શ્રી (નિમણૂંક અપાતા ઉમેદવારનું નામ)ને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે, તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઇમ નોકરી કરી શકશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહિ.

૯. શ્રી (નિમણૂંક અપાતા ઉમેદવારનું નામ)ને કરારના સમય દરમિયાન વાર્ષિક ધોરણે ૧૧ પરચૂરણ રજા મળવાપાત્ર થશે અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહી. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામાં આવશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

૧૦. શ્રી (નિમણૂંક અપાતા ઉમેદવારનું નામ)એ કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહી.

૧૧. ફરજના ભાગરૂપે મુખ્યમથકથી આઠ કિ.મી. બહાર જવાનું થાય તો ૬ કલાકથી વધુ અને ૧૨ કલાક સુધીના રોકાણ માટે વર્ગ–૨ના અધિકારીને મળવા પાત્ર દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી.બસ/રેલવેનું બીજા વર્ગનું ભાડુ મળવાપાત્ર થશે.

૧૨. કરારના સમયગાળા દરમિયાન અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

૧૩. સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નકકી થાય તે પણ બંધનકર્તા રહેશે.

૧૪. વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર ફીકસ માનદ વેતનમાંથી કરી લેવાની રહેશે.

૧૫. નિમણૂકના સમય દરમિયાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઈપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઈ જવાબદારી રહેશે નહી.

૧૬. કરાર આધારિત ઉચ્ચક વેતનથી/માનદ વેતનથી નિમણૂક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઈ હકક પ્રાપ્ત થશે નહી.

૧૭. ઉપરોકત શરતો નિમણૂક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે, તે અંગેનુ સંમતિપત્ર મેળવવાનું રહેશે.

૧૮. આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજીપત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

૧૯. આ કરાર આધારિત ફરજ ઉપર જોડાતાં પહેલાં શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

૨૦. કરારથી ફીકસ પગાર/માનદ્ધ વેતનથી જોડાનાર વ્યકિતએ કરાર કરવાનું સ્વિકારતાં પહેલાં તેમની સેવા લેનાર સત્તાધિકારીને યોગ્ય લાગે તો પર્સનલ એકસીડન્ટ યોજના અંતર્ગત વીમો મેળવી લેવાનો, અધતન કરાવવાનો તથા તેનો આધાર કચેરીમાં રજૂ કરવાનો રહેશે. આ અંગે વીમાના પ્રિમીયમનો ખર્ચ કચેરી દ્વારા ભોગવવામાં આવશે નહિ.

નિયામક
લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો,
ગુજરાત રાજય, અમદાવાદ